१२-१२-२०२२ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો - બાપ ભલે અહીં તમારી સન્મુખ છે પરંતુ યાદ તમારે શાંતિધામ ઘર માં કરવાનાં છે - તમારો બુદ્ધિયોગ સદા ઉપર લટક્યો રહે"**

**પ્રશ્ન :-** અહો ભાગ્ય કયા બાળકોનું કહેવાશે અને કેમ?

**ઉત્તર :-** જે બાળકોની બુદ્ધિમાં બાપનું જ્ઞાન આવ્યું, એમનું છે અહો ભાગ્ય કારણ કે જ્ઞાન મળવાથી સદ્દગતિ થઈ જાય છે. તમે વિશ્વ નાં માલિક બની જાઓ છો. બાકી જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી કોઈ શિવબાબા પર શરીર પણ હોમી દે પરંતુ પ્રાપ્તિ ફક્ત અલ્પકાળ ની થાય છે. બાપ નો વારસો નથી મળતો. ભક્તિમાં ભાવના નાં ચણા મળી જાય છે, સદ્દગતિ નથી મળતી.

**ઓમ્ શાંતિઃ-** બાળકોનાં દિલમાં સદૈવ રહે છે કે બાબા આવીને અમને ભણાવે છે. અહીં તો સન્મુખ બેઠા છો. બુદ્ધિમાં આવે છે - અમારા બાબા આવેલાં છે. કલ્પ પહેલાં માફક ફરીથી અમને રાજયોગ શિખવાડીને પવિત્ર બનાવી સાથે લઈ જશે. આ પણ આપ બાળકો જાણો છો. આપણે જેટલો પુરુષાર્થ કરીશું એટલું જઈને ઊંચ પદ મેળવીશું. આ બુદ્ધિમાં રહે છે. બાળકો જાણે છે હવે ભક્તિમાર્ગ ખતમ થવાનો છે. ભક્તિ અને જ્ઞાન બંને સાથે નથી ચાલતાં. જે પણ મનુષ્ય પૂજા વગેરે કરે છે, શાસ્ત્ર વાંચે છે, તે કોઈ જ્ઞાન નથી. તે ભક્તિ છે. બાપ પણ કહે છે કે મીઠાં બાળકો વેદ-શાસ્ત્ર વગેરે અધ્યયન કરવું, જપ-તપ વગેરે કરવું, આ જે કાંઈ ભક્તિ અડધાકલ્પ થી કરતા આવ્યાં છો એને જ્ઞાન નહીં કહેવાશે. જ્ઞાન નાં સાગર એક જ બાપ છે. એ તમને બિલકુલ સાચ્ચો રસ્તો બતાવે છે કે બાળકો હવે મને યાદ કરો તો વિકર્મ વિનાશ થઈ જશે. કોઈ પણ દેહધારી ને યાદ નથી કરવાનાં. બુદ્ધિયોગ ઉપર લટકેલો હોવો જોઈએ. એવું નહીં કે બાબા અહીં છે તો બુદ્ધિ પણ અહીં રહે. ભલે બાબા અહીં છે તો પણ તમારે બુદ્ધિયોગ ત્યાં શાંતિધામ માં લગાવવાનો છે. જ્ઞાન છે જ એક સેકન્ડ નું. ભક્તિ તો અડધોકલ્પ ચાલી છે અને અડધોકલ્પ તમને વારસો મળવાનો છે. ભક્તિ અને જ્ઞાન બંને સાથે હોઈ ન શકે. દિવસ અને રાત અલગ-અલગ છે. આ છે બેહદ નાં દિવસ અને રાત. બ્રહ્માનો દિવસ તે બી.કે. નો દિવસ. બાળકો જાણે છે કે અમે દેવતા બની રહ્યાં છીએ. સતયુગ ને કહેવાય છે જીવનમુક્તિ ધામ. આ છે જીવનબંધ ધામ. આ સમયે બધાં રાવણ નાં બંધનમાં છે, શોકવાટિકા માં છે. તમને હમણાં ખબર પડી છે - શોકવાટિકા કોને અને અશોક વાટિકા કોને કહેવાય છે. ભક્તિ છે ઉતરતી કળા નો માર્ગ.

બાપ કહે છે - હવે પાછા મુક્તિધામ જવાનું છે. એવું કોઈ કહી ન શકે કે મારા બાળકો હવે બધાંને મુક્તિધામ જવાનું છે અર્થાત્ જીવનબંધ થી લિબરેટ (મુક્ત) થવાનું છે. પછી પહેલાં કયો ધર્મ જીવનમુક્તિ માં આવવાનો છે? આ પણ આપ બાળકો જાણો છો, ખેલ બધો ભારત પર જ છે. બાકી વચ માં બાઈપ્લાટ (વધારાના) છે. આપણું એનાંથી કોઈ કનેક્શન (સંબંધ) નથી. જ્ઞાન અને ભક્તિ ની વાતો મનુષ્ય નથી સમજી શકતાં. એનો પાર્ટ જ નથી. પાર્ટ છે જ આપ ભારતવાસીઓનો. સતયુગ વગેરેમાં દેવી-દેવતા જ હતાં, હમણાં કળિયુગ માં અનેક ધર્મ છે. તમારો આ છે લીપ જન્મ, કલ્યાણકારી જન્મ. આ સંગમ નો સુખદ યુગ છે ને. તમે જાણો છો લૌકિક બાપનાં પણ આપણે છીએ પછી જીતે જી (જીવતા જ) પારલૌકિક બાપનાં બન્યા છીએ. લૌકિક બાપ પણ છે અને પારલૌકિક બાપ પણ હાજરાહજૂર છે. તમારો આત્મા કહે છે કે બાબા તમે પરમધામ થી આવ્યાં છો અમને પાછા લઈ જવાં. બાપ બાળકો સાથે જ વાતો કરી શકે છે. જેમ આત્મા ને આ આંખો થી જોઈ નથી શકતાં, તેમ પરમાત્મા ને પણ

જોઈ નથી શકતાં. હા દિવ્ય દૃષ્ટિ થી સાક્ષાત્કાર થઈ શકે છે. દેખાડે છે કે વિવેકાનંદ ને સાક્ષાત્કાર થયો કે રામકૃષ્ણ નો આત્મા નીકળી મારામાં સમાઈ ગયો. પરંતુ આત્મા સમાઈ તો નથી શકતો. બાકી આત્માનો સાક્ષાત્કાર થાય છે. પરમાત્મા નું પણ યથાર્થ રુપ બિંદુ છે. પરંતુ ગવાયેલું છે કે એ હજારો સૂર્યો થી પણ તેજોમય છે. તો પરમાત્મા જો તે સાક્ષાત્કાર ન કરાવે તો કોઈને વિશ્વાસ ન બેસે. બિંદુ રુપ નાં સાક્ષાત્કાર થી કોઈ સમજી ન શકે કારણ કે એમને કોઈ જાણતું જ નથી. એ નવી વાત આ બાબા જ બતાવે છે. પરમ આત્મા મોટી વસ્તુ તો હોઈ ન શકે. એ અતિ સૂક્ષ્મ થી સૂક્ષ્મ છે. એમનાંથી સૂક્ષ્મ કાંઈ પણ નથી. આ પણ આપ બાળકોની બુદ્ધિમાં છે કે આત્મા અને પરમાત્મા જે બિંદુ રુપ છે, એમાં બધો પાર્ટ નોંધાયેલો છે. આત્મામાં ૮૪ જન્મો નો પોત-પોતાનો પાર્ટ નોંધાયેલો છે. કેટલી વિચિત્ર વાત છે. બાપ વગર કોઈ સમજાવી ન શકે. આ વાતો તમે વિલાયત વાળાને સમજાવો તો વંડર (આશ્ચર્ય) ખાય અને તમારા ઉપર કુરબાન જાય. પ્રાચીન ભારત નો જ્ઞાન અને યોગ તમે જ સમજાવી શકો છો. પહેલાં-પહેલાં સમજાવવાનું છે કે આત્મા પરમાત્મા શું વસ્તુ છે. આત્મા માટે કહે છે સ્ટાર (સિતારો) છે. પરમાત્મા માટે નહીં કહેવાશે કે એ સ્ટાર છે. આત્મા કોઈ નાનો મોટો નથી હોતો. એ છે જ એક બિંદુ, જે એક શરીર છોડી બીજામાં પ્રવેશ કરે છે. આપ બાળકો સમજો છો ડ્રામામાં જે કાંઇ ચાલે છે, તે નોંધ છે. ચક્ર ફરતું રહે છે. આ બધું બુદ્ધિમાં પ્રેક્ટિકલ (ખરેખર) આવવું જોઈએ. દુનિયા તો આ બધી વાતો ને જાણતી નથી. સૌથી તીખી (તેજ) દોડ આત્માની છે, એક સેકન્ડમાં ક્યાંથી ક્યાં ચાલી જાય છે. સેકન્ડમાં જીવનમુક્તિ મળે છે. તો સેકન્ડ માં આત્મા પણ ત્યાં પહોંચે છે. આત્મા કહે છે મારાથી તીખું બીજું કઈ છે નહીં. મારા થી નાનું બીજું કોઈ છે નહીં. નાનાં એવાં આત્મા માં બધું જ્ઞાન છે. એને કહેવાય છે ગોડ ઈઝ નોલેજફુલ (પરમાત્મા જ્ઞાન નાં સાગર છે). પહેલાં કહેતાં હતાં ભગવાન બધુંજ જાણે છે. આનો અર્થ એ નથી કે એક-એક નાં દિલ ને બેસી જાણે છે. આ તો ડ્રામામાં બધુંજ નોંધ છે.

બાપ સમજાવે છે કે હું આ ઝાડ નું બીજ રુપ છું. ઝાડ નું બીજ જો ચૈતન્ય હોય તો સમજાવે છે કે હું આમ ધરણી (ધરતી) માં રહું છું. ગવાયેલું પણ છે કે બ્રહ્મા દ્વારા મનુષ્ય સૃષ્ટિ રચે છે. બીજ તો એક છે ને. આપ આત્મા અહીં શરીર ધારણ કરી પાટ ભજવો છો. બાપ કેવી રીતે આવીને પ્રવેશ કરે છે - આ તમને બાળકોને હમણાં ખબર પડી છે. બાપ આવીને જ્ઞાન આપે છે, સદૈવ બેસી નથી રહેતાં. બાપે સમજાવ્યું છે કે જ્યારે ઝાડની જડજડીભૂત અવસ્થા થાય છે, ત્યારે જ હું આવું છું. હમણાં સહાયતા માટે બહુજ યજ્ઞ રચશે. આ છે રુદ્ર જ્ઞાન યજ્ઞ. કૃષ્ણ જ્ઞાન યજ્ઞ હોઈ ન શકે. શ્રીકૃષ્ણ તો દેવતા હતાં તેઓ દ્વાપર માં આવી ન શકે. દેવતા પછી ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર બને છે. શ્રીકૃષ્ણ દેવતા દ્વાપરમાં કેવી રીતે આવી શકે? રાવણરાજ્ય માં દેવતાઓ પગ નથી રાખતાં. આપ બાળકો જાણો છો આત્મા અવિનાશી છે. આત્મામાં જ સંસ્કાર રહે છે. શરીર તો ખતમ થઈ જાય છે. આત્મામાં જ સારા અથવા ખરાબ સંસ્કાર રહે છે. હવે તમે સમજો છો જે પણ મનુષ્ય માત્ર છે તે ડ્રામા પ્લાન અનુસાર ચાલી રહ્યાં છે. પહેલાં આ નહોતાં સમજતાં કે સૃષ્ટિ કયા આધાર પર ચાલે છે. ઈશ્વર નાં આધાર પર તો છે નહીં. આ તો બન્યો-બનેલ (પૂર્વ નિર્ધારિત) ખેલ છે જે ફરતો રહે છે. એવું નથી ઈશ્વર નાં આધાર પર છે. જેવી રીતે તમારો પાર્ટ છે તેવી રીતે પરમાત્મા નો પણ પાર્ટ છે. સાક્ષાત્કાર પણ હું કરાવું છું. ભક્તિમાર્ગ માં દરેકની મનોકામના અલ્પકાળ માટે પૂરી થાય છે. દાન-પુણ્ય વગેરે જે કાંઇ કરે છે એનું અલ્પકાળ માટે સુખ મળે છે. થોડું સુખ મળ્યું પછી એવાં કર્મ કરે છે જે એમને ભોગવવા પડે છે. કહેવાય છે કે ભાવી નાં ભૂગરા (ચણા) પણ સારા. ભક્તિમાર્ગ માં મહેનત કરે છે, મળે શું છે? ચણા. શિવબાબા પર ભલે શરીર પણ હોમી દે છે તો પણ

મળે ચણા છે, વારસો તો મળી ન શકે. કાશી કલવટ ખાતા સમયે વિકર્મ ભલે નાશ થશે પછી શરું થઈ જશે. તો ભાવના નાં ચણા થયાં ને. જ્ઞાન માર્ગ માં તમને જુઓ કેટલું મળે છે. એકદમ તમે વિશ્વ નાં માલિક બની જાઓ છો. આ કોઈની બુદ્ધિમાં જો જ્ઞાન આવી જાય તો અહો ભાગ્ય. જ્ઞાન થી સદ્દગતિ થાય છે. આને જ્ઞાન કહેવાય છે. આ બાપ સિવાય કોઇ આપી ન શકે. શાસ્ત્ર કેટલાં અનેક વાંચે છે. ખૂબ હોશિયાર થઈ જાય છે પછી તે સંસ્કાર લઈ જાય છે. અચ્છા એમને મળે છે શું? ચણા, બીજું તો કાંઈ નહીં. નીચે ઉતરતા જ જાય છે. સમજો કોઈનો રાજા નાં ઘરમાં જન્મ થાય છે, ખુશી મનાવે છે ભલે એ રાજકુમાર છે, પરંતુ તમે કહેશો કે એને ચણા મળ્યાં. ક્યાં આપણને બાપ વિશ્વનાં માલિક બનાવી બાદશાહી આપે છે, ક્યાં તે ચણા. કોઈ ખૂબજ દાન કરે છે. ભલે જઈને રાજાની પાસે જન્મ લીધો તો પણ તમારી સરખામણી માં ચણા છે. તો હવે રાજાઈ પદ નો પુરુષાર્થ કરવો જોઈએ, લૌકિક બાપ પણ બાળકોને જોઈ બહુજ ખુશ થાય છે. આ છે બેહદનાં મા-બાપ, જેમની પાસે થી ૨૧ જન્મો નું સુખ મળે છે. આજકાલ જુઓ દુનિયામાં દુઃખ વધતું જઈ રહ્યું છે. હવે દુઃખધામ નો અંત છે. પારલૌકિક બાપ પાસે થી બાળકો ને શું મળે છે? લૌકિક પાસે થી શું મળે છે? ફરક કેટલો છે. અહીં કર્મો અનુસાર કોઈ ગરીબ બને છે - કોઈ કેવાં બને છે. ત્યાં ગરીબ પણ સુખી રહે છે. નામ જ છે સુખધામ. આ છે દુઃખધામ. સંન્યાસી લોકો કહે છે અમે ઘરબાર છોડ્યું છે, પવિત્ર બન્યાં છીએ, ભારતને પવિત્ર રાખવા માટે. ગવર્મેન્ટ (સરકાર) પણ એમનું માન રાખે છે. પરંતુ દુઃખધામ ને સુખધામ બનાવવું-આ બાપનું કામ છે. સર્વ ને શાંતિધામ, સુખધામ માં લઈ જવાનાં છે કારણ કે આ તો આખી દુનિયાનો પ્રશ્ન છે. ભારત જ્યારે શ્રેષ્ટાચારી હતો ત્યારે દેવતાઓ હતાં. બાબા એસે (નિબંધ) આપે છે, યુક્તિ થી લખવો જોઈએ. દેવતાઓ ૮૪ જન્મોનું ચક્ર લગાવીને આવ્યાં છે ફરી મનુષ્ય થી દેવતા બને છે. મનુષ્ય થી દેવતા બાપ જ બનાવશે બીજા કોઈની તાકાત નથી. સંન્યાસીઓ થી ભારત ને થોડો ફાયદો છે. પવિત્ર રહે છે, પહેલાં તો રચતા રચના નાં માટે કહેતા હતાં બેઅંત છે, અમે નથી જાણતાં. હવે તો કહી દે છે અમે ભગવાન છીએ. તત્વ ને યાદ કરવાથી વિકર્મ વિનાશ નહીં થાય. બાપનાં મહાવાક્ય છે મામેકમ્ યાદ કરો તો તમારા વિકર્મ વિનાશ થશે. પતિત-પાવન હું છું. આખી દુનિયાને આવીને પાવન બનાવું છું. આખાં ભંભોર (દુનિયા) ને આગ લાગવાની છે. આખી દુનિયા અજ્ઞાન નિંદ્રા માં સુતેલી છે. ડ્રામા પ્લાન અનુસાર આખી દુનિયા નાસ્તિક છે. બાપ કહે છે હું આવીને બધાંને આસ્તિક બનાવું છું. હમણાં જે બિલકુલ તમોપ્રધાન બન્યાં છે તેઓ પોતાને ભગવાન કહી દે છે. તમે તો આ સૃષ્ટિ ચક્રનાં રહસ્ય ને જાણવાથી ચક્રવતી રાજા બનો છો. મહાવીર બનો છો. તમને તો પ્રાલબ્ધ માં માલ મળે છે. એમને શું મળે છે? ચણા. તમે માયા પર જીત મેળવો છો. સ્વદર્શન ચક્ર આપ બ્રાહ્મણો ને છે. વિષ્ણુ નાં મંદિરને નર નારાયણ નું મંદિર કહે છે. હકીકતમાં લક્ષ્મી-નારાયણ ને તો બે, બે ભુજાઓ જોઈએ. પરંતુ એમને પણ ૪ ભુજાઓ આપી દે છે. લક્ષ્મી-નારાયણ તો અલગ થયાં ને. જો એ ૪ ભુજાઓ વાળા છે તો એમનાં સંતાન પણ ૪ ભુજા વાળા આવે. એવું તો છે નહીં. જુઓ, બાપ કેટલું સારી રીતે સમજાવે છે. હવે તમે સમજદાર, માસ્ટર જ્ઞાન સાગર બની ગયાં છો. પતિતોને પાવન બનાવવાનાં છે. ઘરવાળાઓ ને ઉઠાવવા નાં છે. ઘર ને પણ મંદિર બનાવવાનું છે. બાળકો કહે છે બાબા ફલાણા ની બુદ્ધિ નું તાળું ખોલો. હવે હું ફક્ત આ કામ કરવા માટે બેઠો છું શું? તમે તો બ્રાહ્મણીઓ છો, ભૂં-ભૂં તમારે કરવાનું છે. બ્રાહ્મણોએ સર્વિસ (સેવા) કરવાની છે. પદ પણ તમારે મેળવવાનું છે. હું નિષ્કામ સેવાધારી છું બીજું કોઈ નિષ્કામ હોઈ નથી શકતું. હું તમને સ્વર્ગ નાં માલિક બનાવું છું. હું નથી બનતો. મકાન પણ આપ બાળકો માટે બનાવ્યાં છે. હું તો જૂની કુટિયા (ઝૂંપડી) માં બેઠો છું. મારા માટે જૂનું

મકાન, જૂનું શરીર છે. શિવબાબા જૂનાં તન માં રહે છે તો આ પછી ક્યાં જશે? નિષ્કામ સેવા એક બાપ જ કરી શકે છે. તમે જાણો છો બાબા પાસે થી આપણે વિશ્વનાં માલિકપણા નો વારસો લઈએ છીએ તો ખુશીથી ઝોલી ભરવી જોઈએ. જુઓ, જ્ઞાન કેટલું ઊંચુ છે. ભક્તિમાં તો શું-શું દાન-પુણ્ય, જપ-તપ વગેરે કરવું પડે છે. સદ્ગતિ દાતા તો એક જ બાપ છે. બાપે આવીને જ્ઞાન ઘૃત નાખ્યું (ભર્યું) છે. સતયુગ માં બધાંની જ્યોતિ જાગેલી રહે છે. પરંતુ ત્યાં જ્ઞાન નથી રહેતું કે અમે તમોપ્રધાન થી સતોપ્રધાન બન્યાં છીએ. તે છે પ્રાલબ્ધ, નવેસર થી ચક્ર શરું થાય છે. આ અનાદિ છે. સૂર્ય નીકળે છે પછી જાય છે, આ ધરતી નો ફેરો છે. એવું નથી ઈશ્વર ફેરવે છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) ઘર-ઘર ને મંદિર બનાવવાનાં છે. પરિવાર વાળા ની પણ સેવા કરવાની છે. ઊંચા જ્ઞાન નું સિમરણ (સ્મરણ) કરી ખુશી થી ઝોલી ભરવાની છે.

2) કોઈ પણ દેહધારીને યાદ નથી કરવાનાં. પોતાનો બુદ્ધિયોગ ઉપર લટકાવવાનો છે. સુહાવના (સુખદ) સંગમયુગ પર જીવતા જ પારલૌકિક બાપનાં બનવાનું છે.

**વરદાન :- યથાર્થ સેવા દ્વારા સેવાનું પ્રત્યક્ષ ફળ ખાવા વાળા મન-બુદ્ધિ થી સદા તંદુરસ્ત ભવ**

જો સેવા યોગયુક્ત અને યથાર્થ છે તો સેવા નું ફળ ખુશી, અતીન્દ્રિય સુખ, ડબલ લાઈટ ની અનુભૂતિ અથવા બાપનાં કોઈ ને કોઈ ગુણો ની અનુભૂતિ પ્રત્યક્ષ ફળનાં રુપમાં જરુર થાય છે. અને જે પ્રત્યક્ષ ફળ ખાય છે તે મન-બુદ્ધિ થી સદા તંદુરસ્ત રહે છે. જો કમજોર રહો છો તો સમજો તાજું પ્રત્યક્ષ ફળ નથી ખાતાં. પ્રત્યક્ષ સફળ સદા હેલ્દી (તંદુરસ્ત) બનાવે છે એટલે તમારું સ્લોગન છે - એવરહેલ્દી (સદા તંદુરસ્ત), એવરવેલ્દી (સદા સંપત્તિવાન) અને એવરહેપ્પી (સદા ખુશ).

**સ્લોગન :-** પોતાનાં દરેક કર્મ દ્વારા બ્રહ્મા બાપ નાં કર્મને પ્રત્યક્ષ કરવા વાળા જ કર્મયોગી છે.